અમો નિર્બળ છીએ માનવી, દયા દષ્ટિ સદા દાખવી છો દયાળુ બહુ, પીડા હરજો સહુ, ઉર ઝળકે તમારી છબી

## રાજ્યમાં વધુ ૫૮૦ નવા કેસ : અમદાવાદમાં ૨૧૯ : ગાંધીનગરમાં ૨૦

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૦૮ | ૨૭ જુન, ૨૦૨૦, શનિવાર; અષાઢ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અમેરિકાનું ભારતને ખુલ્લુ સમર્થન, ચીન લાલઘૂમ

### સરહદે તણાવ વચ્ચે ચીનની દાદાગીરી રોકવા અમેરિકા એશિયામાં સેના તહેનાત કરશે : યુરોપથી સૈન્ય ઘટાડી ૯૫૦૦ સૈનિકો એશિયામાં મૂકાશે, ચીને ભારત-વિયેટનામ માટે ખતરો ઉભો કર્યો, કમ્યુનિસ્ટ પાર્ટી એક ખતરો છે : અમેરિકી વિદેશમંત્રી

વૉશિંગ્ટન,તા.૨૬

એશિયામાં ચીનની દાગીરી સામે અમેરિકાએ આકરું વલણ અપનાવ્યું છે. અમેરિકાએ યુરોપમાંથી પોતાની સેના હટાવીને એશિયામાં તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. તેની શરૂઆત જર્મનીથી થવાની છે. માનવામાં આવી રહ્યું છે કે અમેરિકા જર્મનીમાં તૈનાત ૫૨૦૦૦ અમેરિકન સૈનિકોમાંથી ૯,૫૦૦ સૈનિકો એશિયામાં તૈનાત કરશે. અમેરિકા આ પગલુ એવા સમયે ઉઠાવી રહ્યું છે જ્યારે ભારતમાં પૂર્વ લદ્દાખમાં એક્ચુઅલ કંટ્રોલ (એલએસી) ની બાજુમાં ચીને ભારતમાં તંગ પરિસ્થિતિ સર્જી છે, બીજી તરફ વિયેતનામ, ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલિપાઈન્સ અને સાઉથ ચાઈના સીમાં એક ખતરો બનેલો છે.



અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ ચીનને ભારત અને દક્ષિણપૂર્વ એશિયા માટે ખતરો ગણાવ્યો છે. તેમણે કહ્યું કે ચીન તરફથી ભારત, મલેશિયા, ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સ જેવા એશિયન દેશોને વધતા જતા ખતરાને ધ્યાનમાં રાખીને અમેરિકાએ વિશ્વભરમાં તેના સૈનિકોની તૈનાતીની સમીક્ષા કરી કરીને તેમને એવી રીતે તૈનાત કરી રહ્યું છે કે તેઓ જરૂર પડવા પર પીપુલ્સ લિબરેશન આર્મી (ચીનની સેના) નો મુકાબલો કરી શકે. પોમ્પિયોએ જર્મન માર્શલ ફંડના વર્ચ્યુઅલ બ્રસેલ્સ ફોરમ ૨૦૨૦માં ના સવાલના જવાબમાં આ કહ્યું.

● અનુસંધાન પાન-૭ પર

## લેહમાં ભારતીય સેના-વાયુસેનાનો સંયુક્ત યુદ્ધાભ્યાસ

લદાખ,તા.૨૬

ચીન સાથે સરહદે ચાલી રહેલી ભયંકર તંગદીલી વચ્ચે ભારતીય સેના અને ભારતીય વાયુસેનાએ લેહમાં સંયુક્ત યુદ્ધાભ્યાસ હાથ ધર્યો હતો. આ યુદ્ધાભ્યાસમાં ફાઈટર જેટ્સ અને ટ્રંસપોર્ટ વિમાનોને શામેલ કરવામાં આવ્હા છે. યુદ્ધાભ્યાસનો હેતુ બંને સેનાઓ વચ્ચે તાલમેલ વધારવાનો હતો. આ યુદ્ધાભ્યાસમાં સુખોઈ ફાઈટર જેટ્સ અને અમેરિકા પાસેથી ખરીદવામાં આવેલા દુનિયાના સૌથી અધ્યતન એવા ચિનૂક હેલિકોપ્ટર શામેલ કરવામાં આવ્યા હતાં.

ભારતીય સેના ચીન સાથેના વર્તમાન ગતિરોધના કારણે લાઈન ઓફ એક્ચ્યુલ કંટ્રોલ (ન્છઝ) પર રક્ષા કવચને લઈ સહેજ પણ બાંધછોડ કરવા માંગતી નથી. વર્તમાનમાં ગલવાન ખીણ, પૈંગોગ લેક અને દૌલત બેગ ઓલ્ડી વિસ્તારમાં ચીની સૈન્યની હાજરી અગાઉ જેવી જ છે. જેથી ભારત કોઈ પણ સ્તરે પોતાની તૈનાતી ઓછી કરવા કે તેમાં કચાસ રાખવા નથી માંગતુ.

● અનુસંધાન પાન-૭ પર

## નેપાળ બાદ ભૂતાનની અવળચંડાઈ આસામમાં સિંચાઈનું પાણી રોક્યુ

### કોરોનાના સંક્રમણને અટકાવા પાણી રોક્યું : ભૂતાન સરકાર

ન્યુ દિલ્હી,તા.૨૬

કોરોના વાયરસના સંકટ વચ્ચે ગલવાન ખીણમાં ચીનની હિંસક ઝડપમાંથી હજુ ભારત બહાર આવ્યું નથી ત્યાં પાડોશી દશો ચિંતા વધારવાનું શરૂ કરી દીધું છે. કિસ્તાન, ચીન, નેપાળ, બાંગ્લાદેશ બાદ વધુ એક પાડોશી દેશ ભૂતાને ભારત સાથે અવળચંડાઈ કરવાનું શરૂ કરી દીધું છે. ભૂતાને અસમના બકસા જિલ્લામાં ખેડૂતો માટે સિંચાઈનું પાણી રોકી રાખ્યું છે.

બકસા જિલ્લાના ૨૬થી વધારે ગામડાઓના લગભ ૬૦૦૦ ખેડુત સિંચાઈ માટે માનવ નિર્મિત નહેર ડોંગ પરિયોજના પર નિર્ભર છે. વર્ષ ૧૯૫૩ બાદ ખેડૂતો સિંચાઈ માટે ભૂતાનની નદીઓના પાણીનો ઉપયોગ કરતાં આવ્યા છે. જો કે હવે ભૂતાન તરફથી અચાનક પાણી રોકી દેવામાં આવતા ભારતીય ખેડૂતોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

છેલ્લા પાંચ દિવસથી બકસાના ખેડૂતો



ભૂતાનના આ પગલા વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યાં છે. તેમની માંગ છે કે, કેન્દ્ર સરકાર ભૂતાનની સરકાર

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૯૭૭૩૦૭૨ | ૪૯૩૧૮૦ | ૫૨૮૫૭૭૦ |
| ભારત | ૫૦૬૮૮૯ | ૧૫૬૬૨ | ૨૯૪૯૮૮ |
| ગુજરાત | ૩૦૧૫૮ | ૧૭૭૨ | ૨૨૦૩૮ |
| ગાંધીનગર | ૬૬૭ | ૩૪ | ૪૩૧ |

## પુલવામા એન્કાઉન્ટરમાં સેનાએ ત્રણ આતંકીઓને ઠાર કર્યા

### આ વર્ષે સુરક્ષા દળોએ ૧૧૦ આતંકવાદીઓને ઢાળી દીધા છે

પુલવામા,તા.૨૬

જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં સેના અને આતંકીઓ વચ્ચેના એન્કાઉન્ટરમાં ત્રણ આતંકીઓ માર્યા ગયા છે. ત્રાલના ચેવા ઉલ્લાર વિસ્તારમાં આ અથડામણ ગુરુવાર સાંજથી શરુ થઈ હતી, જે ૧૨ કલાકથી પણ વધુ સમય ચાલી હતી.

આ પહેલા ગુરુવારે સોપોરમાં થયેલી અથડામણમાં પણ સુરક્ષાબળોએ બે આતંકીઓને ઠાર માર્યા હતા.

ગુરુવારે મળેલી વધુ એક સફળતામાં સુરક્ષાબળોએ બડગામમાં ટેરર મોડ્યુલનો ભાંડો ફોડીને આતંકીઓના પાંચ સહયોગીની ધરપકડ કરી હતી. વધુમાં જણાવીએ તો જમ્મુ-કાશ્મીરમાં તૈનાત સુરક્ષાબળ આતંકીઓ વિરૂદ્ધ સતત કાર્યવાહી કરી રહ્યું છે.

ગત ૧૭ જૂને ડીઆઈજી દિલબાગ સિંહે જણાવ્યું હતું કે, કાશ્મીર ઘાટીમાં સુરક્ષા માહોલને વધુ સારો બનાવવા માટે આતંકીઓ વિરૂદ્ધ ચાલી રહેલા અભિયાનને તેજ કરવામાં આવ્યું છે. છેલ્લા ૧૯ દિવસમાં ૩૫ આતંકવાદી ઠાર મરાયા છે. બીજી તરફ આ વર્ષે સુરક્ષા દળોએ ૧૧૦ આતંકવાદીઓને ઢાળી દીધા છે.

## અનંતનાગમાં આતંકી હુમલામાં એક જવાન શહિદ

### સુરક્ષાબળોએ સમગ્ર વિસ્તારને સીલ કર્યો છે. આતંકીઓને પકડવાના પ્રયાસો શરુ છે

અનંતનાગ,તા.૨૬

દક્ષિણી કાશ્મીરના બિજબેહરા વિસ્તારમાં આતંકીઓએ શુક્રવારે સુરક્ષાબળોને નિશાન બનાવીને હુમલો કર્યો હતો. આ હુમલામાં સીઆરપીએફનો એક જવાન શહીદ થયો હતો. આ આતંકી હુમલામાં એક બાળકનું પણ મોત થયું છે. આતંકી સુરક્ષાબળોને નિશાન બનાવીને સતત ફાયરિંગ કર્યું હતું.

આ હુમલા બાદ સુરક્ષાબળોએ સમગ્ર વિસ્તારને સીલ કર્યો છે. આતંકીઓને પકડવાના પ્રયાસો શરુ છે. સુરક્ષાબળના જવાન પણ આતંકીઓને નિશાન બનાવીને સતત ફાયરિંગ કરી રહ્યા છે. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

## છેલ્લે... છેલ્લે...

- આસામના ગૌહાટીમાં ૧૪ દિવસના સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત.
- લડાખમાં ૪.૫ની તીવ્રતાવાળો ભૂકંપ.
- પંજાબમાં પ્રથમ મહિલા મુખ્ય સચિવ પદે વિની મહાજન.
- કોંગ્રેસી નેતા અભિષેક મનુસંઘીવી કોરોના પોઝિટિવ.
- મુંબઈ સિરિયલ બ્લાસ્ટના દોષી યુસુફ મેમણનું નાસીક જેલમાં હાર્ટ એટેકથી મૃત્યું.
- ગુજરાતની તમામ કોવિડ હોસ્પિટલોમાં સીસીટીવી કેમેરા તાકિદે લગાવવા ગુજરાત હાઈકોર્ટનો આદેશ.
- ૩૦મી જુન સુધી ફી ન ભરનાર વાલીઓના પ્રવેશ રદ નહિ કરવા હાઈકોર્ટનો આદેશ.
- અમેરિકન રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બ્રાઈડને મોદી સરકારની કાશ્મીર, એનઆરસી અને સી-એએની નિતી સામે નારાજગી વ્યક્ત કરી.
- વડોદરામાં કોરોના દર્દી હોસ્પિટલમાંથી ફરાર
- સ્વીસ બેંકમાં સતત બીજા વર્ષે ભારતીયો દ્વારા જમા થતાં ધનની રકમમાં કમી આવી.

# દેશમાં કોરોનાના કેસ પાંચ લાખને પાર

### છેલ્લા ૨૪ કલાકમાં ૧૮,૦૦૦ પોઝિટિવ કેસ, ૪૦૭ના મોત : કુલ મૃત્યુનો આંકડો ૧૫,૦૦૦ને પાર : મહારાષ્ટ્રમાં જીમ અને સલૂન ખુલશે : છેલ્લા પાંચ દિવસમાં ૮૦ હજાર દર્દી વધ્યા



ન્યુ દિલ્હી,તા.૨૬

ભારતમાં કોરોના મહામારીના કેસો સતત વધતાં રેલવે દ્વારા હવે ઓગસ્ટથી સામાન્ય રેલ સેવા શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે ત્યારે કોરોના વાઈરસ બ્રેક વગરની ગાડી હોય અને જાણે રોકાતી ન હોય તેમ કેસો સતત વધી રહ્યાં છે. જેમાં એક જ દિવસમાં અત્યારસુધીમાં સૌથી વધુ ૧૮ હજાર કરતાં વધુ કેસો નોંધાયા હતા.

એક તરફ કેસો વધી રહ્યાં તો બીજી તરફ જ્યાં સૌથી વધુ કેસો બહાર આવે છે એ મહારાષ્ટ્રમાં ૨૮ જૂનથી જીમ અને બ્યુટી પાર્લર સલૂન ખોલવાની જાહેરાતથી સંક્રમણ વધવાની શક્યતા નિહાળવામાં આવી રહી છે. જો કે સિનેમા હોલ અને શાળા-કોલેજો માટે હજુ આખા દેશમાં કોઈ નિર્ણય લેવાયો નથી. આ ઉપરાંત ૧ જુલાઈથી અનલોક-૨માં વધારે છૂટછાટ આપવામાં આવશે ત્યારે જો લોકો સાવધાની નહીં રાખે તો કેસો વધી શકે તેમ છે. જો કે, આ બધા હોવા છતાં, કેન્દ્ર સરકારે એ કહેવાનું ચાલુ રાખ્યું છે કે ભારતમાં કોરોનાનો ખતરનાક તબક્કે કોમ્યુનિટી (સમુદાય) ટ્રાન્સમિશન હજુ સુધી થયું નથી.

● અનુસંધાન પાન-૭ પર

## આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ સર્વિસ પર ૧૫ જુલાઈ સુધી પ્રતિબંધ

નવી દિલ્હી, તા. ૨૬

રેલ્વે પછી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ અંગે પણ સરકારનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારના નિર્ણય મુજબ, ભારત અને આંતરરાષ્ટ્રીય કમર્શિયલ ફ્લાઈટ સેવાઓ પર ૧૫ જુલાઈ સુધી પ્રતિબંધ રહેશે. જો કે, આ સમયગાળા દરમિયાન ઘરેલું હવાઈ સેવા ચાલુ રહેશે. આ હુકમ ફક્ત ડી.જી.સી.એ. દ્વારા માન્ય કાર્ગો વિમાન અને વિશેષ વિમાનને લાગુ પડશે નહીં. કોરોનાને કારણે ૨૫ માર્ચે લોકડાઉનનો અમલ દેશભરમાં કરવામાં આવ્યો હતો. તે પહેલાં, ૨૩ માર્ચથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

## બસ સોશિયલ ડિસટન્સીંગનું ધ્યાન રાખો, સાહસ કરનારાને સફળતા મળે છે : મોદી

### વડાપ્રધાને યૂપીમાં રોજગાર અભિયાનની શરુઆત કરી, સવા કરોડ શ્રમિકોને મળશે રોજગાર : આટલું મોટું સંકટ આવશે તેવું વિચાર્યું નહતું

ન્યુ દિલ્હી,તા.૨૬

વડાપ્રધાન મોદીએ શુક્રવારે યૂપીમાં આત્મનિર્ભર ભારત અભિયાનની શરૂઆત કરી છે. જેના આધારે સવા કરોડ લોકોને રોજગાર મળશે. પીએમએ કહ્યું કે દેશને આત્મનિર્ભર બનાવવા માટે યૂપી સરકારનું આ પગલું મહત્વનું છે. કોરોના સંકટ અને લોકડાઉનને કારણે લાખો કામદારો તેમના ઘરે પાછા ફર્યા છે. હવે ઉત્તર પ્રદેશ સરકાર વતી રાજયમાં પાછા ફરેલા કામદારોને કામ આપવામાં આવી રહ્યું છે. શુક્રવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યુપી સરકારની 'સ્વ રોજગાર યુપી રોજગાર અભિયાન' શરૂ કર્યું હતું. રાજ્ય સરકાર દાવો કરે છે કે આ યોજના હેઠળ લગભગ ૧.૨૫ કરોડ મજૂરોને રોજગાર મળશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સંબોધનમાં કહ્યું હતું કે આપણે આપણા જીવનમાં ઉતાર-ચઢાવ જોયા છે, સામાજિક જીવનમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ આવે છે. કોઈએ વિચાર્યું પણ ન હતું કે આટલું મોટું સંકટ આખા વિશ્વ પર એક સાથે આવશે, આવા સંકટ જેમાં લોકો

● અનુસંધાન પાન-૭ પર

## ઓક્સફર્ડની એન્ટી કોરોના રસીનું ટ્રાયલ અંતિમ ચરણમાં

### અનેક દેશો મહામારીના સામના માટે રસી ઉપર ટ્રાયલ કરી રહ્યા છે જેમાંથી ૧૩ દેશો રસી લોન્ચ કરવાની નજીક

નવી દિલ્હી, તા. ૨૬

ઓક્સફર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાઝેનેકાની સંભવિત એન્ટી કોવિડ -૧૯ રસી ક્લિનિકલ ટ્રાયલના અંતિમ તબક્કા પહોંચી ગયા છે. અંતિમ તબક્કે એ ટેસ્ટ કરાવાનો છે કે સંભવિત રસી વાયરસના ચેપથી બચવા માટે કેટલું કામ કરે છે તે ચકાસવાનું છે. ક્લિનિકલ ટ્રાયલનો અંતિમ તબક્કો યુકેમાં પુખ્ત વયના અને બાળકો પર હાથ ધરવામાં આવવાનો છે. જોકે, ભારત સહિત વિશ્વભરના વૈજ્ઞાનિકો જીવલેણ નોવલ કોરોનાવાયરસ સામે રસી બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, પરંતુ ઓક્સફર્ડ યુનિવર્સિટીના અંતિમ ટ્રાયલમાં એવી આશા ઊભી થઈ છે કે આપણી પાસે ટૂંક સમયમાં કોરોના સામે

● અનુસંધાન પાન-૭ પર


